BHAKTA KAVI NARSINH MEHTA UNIVERSITY, JUNAGADH

[State University]
Bhakta Kavi Narsinh Mehta University Road, Khadiya,
Junagadh-362263 (Gujarat)
Ph:0285-2681400 || Web : www.bknmu.edu.in|| Email : scholarship@bknmu.edu.in

---

ક્રમાંક/બીકેએનએમયુ/શિષ્યવૃત્તિ/૦૪૩/૨૦૨૬ તા. ૨૭/૧૧/૨૦૨૬

વિષય:- મુખ્યમંત્રી શિષ્યવૃતિ યોજના (CMSS) અંતર્ગત વિવિધ હેલ્પ સેન્ટરની ઓનલાઇન મિટિંગ યોજવા બાબત.

સંદર્ભ:- Knowledge Consortium of Gujarat નો પત્ર ક્રમાંક નં. કેસીજી/CMSS/૨૦૨૬-૨૭/ ૬૭૭ તા. ૨૬/૧૧/૨૦૨૬.

પરિપત્ર:-

ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ, માન્ય સંસ્થાઓનાં વડાઓને ઉપરોક્ત વિષય તથા સંદર્ભદર્શિત પત્ર અન્વયે જણાવવામાં આવે છે ગુજરાત રાજ્યમાં આવેલ માન્ય બોર્ડની શાળાઓમાંથી ધોરણ-૧૦ અથવા ધોરણ-૧૨ (વિજ્ઞાન પ્રવાહ/સામાન્ય પ્રવાહ) ની પરીક્ષા પાસ કરી ઉચ્ચ અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવતા તેજસ્વી અને જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણ માટે જરૂરી આર્થિક સહાય મળી રહે તે હેતુથી ગુજરાત સરકાર દ્વારા **મુખ્યમંત્રી શિષ્યવૃત્તિ યોજના (CMSS)** અમલમાં મૂકવામાં આવેલ છે.

સરકારશ્રીના શિક્ષણ વિભાગના તા. ૧૭/૧૦/૨૦૨૬ના સંકલિત નવા ઠરાવ મુજબ શૈક્ષણિક વર્ષ ૨૦૨૬-૨૭થી આ યોજના હેઠળ નિયત કરવામાં આવેલ સાત કેટેગરીના જેમાં શ્રમિકની નવી ચાર પેટા કેટેગરીનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. પાત્રતા ધરાવતા વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિનો લાભ આપવામાં આવનાર છે. આ યોજના હેઠળ વિદ્યાર્થીઓ ઓનલાઈન અરજી કર્યા બાદ હેલ્પ સેન્ટરમાં જઈને ડોક્યુમેન્ટ વેરિફિકેશન કરાવવાનું હોય છે. શૈક્ષણિક વર્ષ ૨૦૨૬-૨૭ માટેનું પોર્ટલ શરૂ કરવાની કાર્યવાહી હાલ હાથ ધરવામાં આવેલ હોવાથી, વિદ્યાર્થીઓને અરજી કરતી વખતે યોગ્ય માર્ગદર્શન મળી રહે અને ડોક્યુમેન્ટ વેરિફિકેશનની પ્રક્રિયા સુચારૂરૂપે થાય તે હેતુથી KCG દ્વારા હેલ્પ સેન્ટરના નોડલ ઓફિસરો માટે **તા. ૩૦/૧૧/૨૦૨૬ના રોજ બપોરે ૧૨:૦૦ કલાકે ઓનલાઈન મીટીંગનું** આયોજન કરવામાં આવેલ છે. ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજો અને હેલ્પ સેન્ટરના નોડલ ઓફિસરશ્રીઓને સદર ઓનલાઈન મીટીંગમાં અચૂક હાજર રહેવા જણાવવામાં આવે છે.

ખાસ નોંધ: ૧) ઉક્ત બાબતે ભવિષ્યમાં કોઇ પ્રશ્ન ઉપસ્થિત થશે તો આ અંગેની સઘળી જવાબદારી જે-તે સંસ્થા/કોલેજનાં ટ્રસ્ટીશ્રી/આચાર્યશ્રીની રહેશે જેની ગંભિરતાપૂર્વક નોંધ લેશો.

બિડાણ:-
સંદર્ભદર્શિત પત્રની નકલ

ડીરેક્ટર
સ્કોલરશીપ સેક્શન,
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી,
જુનાગઢ.

પ્રતિ,
૧) ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ,
૨) માન્ય સંસ્થાઓના વડાશ્રીઓ.

નકલ સાદર રવાના:-
માન.કુલપતિશ્રી/કુલસચિવશ્રીના અંગત સચિવશ્રી તરફ.....

Knowledge Consortium of Gujarat
Department of Education, Government of Gujarat

કેસીજી/CMSS/૨૦૨૬-૨૭/ 677 તા.૨૬ /૧૧/૨૦૨૬

પ્રતિ,

આચાર્યશ્રી,

તમામ હેલ્પ સેન્ટર(MYSY/CMSS)

વિષય: મુખ્યમંત્રી શિષ્યવૃત્તિ યોજના (CMSS) અંતર્ગત વિવિધ હેલ્પ સેન્ટરની ઓનલાઈન મીટીંગ યોજવા બાબતે.

ગુજરાત રાજ્યમાં આવેલ માન્ય બોર્ડની શાળાઓમાંથી ધોરણ-૧૦ અથવા ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહ/સામાન્ય પ્રવાહની પરીક્ષા પાસ કરી ઉચ્ચ અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવતા તેજસ્વી અને જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણ માટે જરૂરી આર્થિક સહાય મળી રહે તે હેતુથી ગુજરાત સરકાર દ્વારા મુખ્યમંત્રી શિષ્યવૃત્તિ યોજના (CMSS) અમલમાં મૂકવામાં આવેલ છે. સરકારશ્રીના શિક્ષણ વિભાગના તા. ૧૭/૧૦/૨૦૨૬ના સંકલિત નવા ઠરાવ મુજબ શૈક્ષણિક વર્ષ ૨૦૨૬-૨૭થી આ યોજના હેઠળ નિયત કરવામાં આવેલ સાત કેટેગરીના પાત્રતા ધરાવતા વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિનો લાભ આપવામાં આવનાર છે. આ યોજના હેઠળ વિદ્યાર્થીઓ ઓનલાઈન અરજી કર્યા બાદ હેલ્પ સેન્ટરમાં જઈને અરજીઓનું વેરિફિકેશન કરાવવાનું હોય છે. સરકારશ્રી દ્વારા સમગ્ર રાજ્યની યુનિવર્સિટીઓ અને કોલેજોમાં વિદ્યાર્થીઓને મુશ્કેલી ન પડે તે માટે હેલ્પ સેન્ટર ખોલવામાં આવેલ છે.

હાલમાં મુખ્યમંત્રી શિષ્યવૃત્તિ યોજનાનું શૈક્ષણિક વર્ષ ૨૦૨૬-૨૭ માટેનું પોર્ટલ શરૂ કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે તથા વિદ્યાર્થીઓના ડોક્યુમેન્ટ વેરિફિકેશન માટે ગુજરાત રાજ્યમાં ૩૫૦થી વધુ હેલ્પ સેન્ટરો કાર્યરત છે. શૈક્ષણિક વર્ષ ૨૦૨૬-૨૭માં તા. ૧૭/૧૦/૨૦૨૬ના નવા સંકલિત ઠરાવ મુજબની સાતેય કેટેગરીમાં શ્રમિકની પેટા નવી ચાર કેટેગરીનો સમાવેશ કરવામાં આવ્યો છે જે હેઠળ વિદ્યાર્થીઓ દ્વારા અરજી કરતી વખતે યોગ્ય માર્ગદર્શન મળી રહે અને ડોક્યુમેન્ટ વેરિફિકેશનની પ્રક્રિયા સુચારૂરૂપે થાય તે માટે હેલ્પ સેન્ટરના નોડલ ઓફિસરો માટે તા. ૩૦/૧૧/૨૦૨૬ના રોજ બપોરે ૧૨:૦૦ કલાકે ઓનલાઈન મીટીંગનું આયોજન કરવામાં આવેલ છે. જેથી આપની કચેરીના સંબંધિત અધિકારીઓને સદર ઓનલાઈન મીટીંગમાં હાજર રહેવા જરૂરી સૂચના આપવા વિનંતી છે.

ઓ.એસ.ડી

(સ્કોલરશીપ સ્કીમ)

કે.સી.જી.

Pragna Puram Campus, Opp. PRL, Between Govt. Girls Polytechic and L.D College of Engineering, Navrangpura, Ahmedabad-380015.
Ph. +91 7926302067 E-mail : info-kcg@gujarat.gov.in www : kcg.gujarat.gov.in